# પ્રાંતિજના મોયદ-કાટવાડ રોડ ઉપર સ્કુલ બસે બાઈકને અડફેટે લેતા ત્રણને ઈજાઓ પહોચી

**બાઇક ઉપર જઇ રહેલ ત્રણને ઈજાઓ પહોચી : ત્રણેય ઈજાગ્રસ્તો ને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યાઃ સ્કુલ બસ ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ**

પ્રાંતિજ તા.૭ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ-કાટવાડ રોડ ઉપર સ્કુલ બસે બાઈક ને અડફેટે લેતા બાઈક ઉપર જઈ

રહેલ ત્રણ ને ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના મોરવાડ ખાતે રહેતા ભીખુસિંહ પરમાર તથા મોયદ ગામના કિરીટ સિંહ નટવરસિંહ રાઠોડ તથા ઉદેસિંહ જશવંતસિંહ રાઠોડ ત્રણેય જણા બાઈક ઉપર મોયદ-કાટવાડ રોડ ઉપર થી પ્રસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન હિંમતનગર ખાતે આવેલ પરફેક્ટ સ્કુલ ની બસ નંબર જી.જે.૦૯.એ.યુ.૪૩૪૬ નો ચાલક ફુલફાસ્ટ બેદરકારી થી હંકારી લાવી આગળ જઈ રહેલ બાઈક નંબર જી.જે.૦૯ .ડીએચ. ૬૦૪૫ ને આગળ વળાંક માં બસ વાળતા બસનો પાછળ નો ભાગ બાઈક સાથે ટકરાતા બાઈક ઉપર જઈ રહેલ ત્રણેય જણ બાઈક સાથે નીચે પટકાયા હતા જેમા ભીખુસિંહ પરમાર રહે.મોરવાડ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ને ડાબા પગે તથા કિરીટ સિંહ નટવરસિંહ રાઠોડ રહે મોયદ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ને જમણા પગે ફેકચર તથા ઉદેસિંહ જશવંતસિંહ રાઠોડ રહે. મોયદ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા ને શરીરે ઈજાઓ પહોચતા આજુ બાજુમાંથી દોડી આવેલ લોકોએ ૧૦૮ ને ફોન કરી ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો આ અંગેની પોલીસ ફરીયાદ ભીખુસિંહ પરમાર નો પુત્ર કરણસિંહ પરમાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭, ૧૮૪ મુજબ બસ ચાલક વિરૂધ્ધ ગુનોનોંધી આગળ ની કાયદેસર ની તપાસ હાથધરી હતી.

# લોકશાહીના મહાપર્વમાં જોડાવા અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારીની અપીલ

## ૨૩ હજાર જેટલા નવા મતદારો કરશે મતદાન

મોડાસા, તા. ૭ અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. નરેન્દ્રકુમાર મિનાના અધ્યક્ષસ્થાને વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે

ચૂંટણી કાર્યક્રમ અંગેની જાણકારી માટે જિલ્લા કલેક્ટર કચેરી, મોડાસા ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી, જેમાં જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જણાવતા જિલ્લા કલેકટર ડૉ.નરેન્દ્રકુમાર મિનાએ જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થતા તા.૦૩ નવેમ્બર-૨૦૨૨ થી જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બનેલ છે. જેમાં જિલ્લામાં પોસ્ટર, બેનર્સ અને હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. આદર્શ આચારસંહિતાના અમલમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી કાર્યવાહી થાય તે માટે ચૂંટણી સંબંધી કોઈપણ ફરિયાદ મતદાર સંબંધી હેલ્પલાઇન "સી-વિઝીલ" મોબાઈલ એપથી પણ ફરીયાદ કરી શકાશે જેમાં ૧૦૦ મિનિટમાં ફરીયાદનું નિવારણ કરાશે તેમ તેમણે જણાવ્યું હતુ.જિલ્લામાં ૨૩ હજાર મતદારો કરશે પ્રથમવાર મતદાન : અરવલ્લી જિલ્લાના ત્રણ વિધાનસભા મતવિસ્તારોનો સમાવિષ્ટ થાય છે જેમાં ભિલોડામાં વિધાનસભા વિસ્તારમાં ૪૦૬, મોડાસામાં ૩૩૮ અને બાયડમાં ૩૧૮ મળી કુલ ૧૦૬૨ મતદાન મથકો કાર્યરત થશે. જેમાં જિલ્લાના ૪,૨૨,૧૬૬ પુરૂષ, ૪,૦૭,૪૨૨ સ્ત્રી તેમજ ૨૭ અન્ય એમ મળી જિલ્લાના કુલ ૮,૨૯,૬૧૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ તા.૦૫ ડિસેમ્બર-૨૦૨૨ને રોજ કરશે, જેમાં ૧૭,૦૫૫ મતદારો ૮૦ ઉંમરના અને ૫૪૦૨ દિવ્યંગો મતદાન કરશે. આ સાથે જ ૨૩,૦૮૪ યુવા મતદારો પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લામાં ૨૧ સખી મતદાન મથકોમાં મહિલા કર્મચારીઓ કામગીરી કરશે. દરેક વિધાનસભામાં ઈકો ફ્રેન્ડલી મતદાન મથક પણ ઉભા કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં ૧ યુવા કર્મચારી મતદાન મથકની રચના કરાશે. આ સાથે જ દરેક વિધાનસભા દીઠ ૧ દિવ્યાંગ સ્ટાફ સંચાલિત અને ૧ મોડેલ મતદાન મથક પણ કાર્યરત કરાશે.

જિલ્લા પોલીસ વડા સંજય ખરતે જણાવ્યું કે જિલ્લાના તમામ સંવેદનશીલ મતદાન મથકો પર પણ શાંતિપૂર્ણ , ભયરહિત અને નિષ્પક્ષ ચુંટણી યોજાઈ તે માટે જિલ્લા પોલીસ તંત્ર સંપૂર્ણ તૈયાર છે. બીજા રાજ્યોની સરહદ પર ૧૦ ચેક પોસ્ટ કાર્યરત છે. આંતર જિલ્લામાં ૧૮ જેટલી ચેકપોસ્ટ પણ કાર્યરત કરાઇ છે. સંવેદનશીલ મથકો પર પોલીસ દ્વારા પેટ્રોલિંગ પણ કરાઈ રહ્યા છે.

ચૂંટણીપ્રક્રિયા સંપન્ન તારીખ – ૧૦ ડિસેમ્બર-૨૦૨૨ (શનિવાર)જિલ્લા ચૂંટણી અધિકારીએ વધુમાં ઉમેર્યુ હતુ કે, ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવા ફરિયાદ નિવારણ કમિટી તથા ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ રાખવા જિલ્લા ખર્ચ નિયંત્રણ કમિટીની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત વિડીયો સર્વેલન્સ-?યૂઈંગ, ફ્લાઈંગ સ?ક્વોડ, સ્ટેટિક સર્વેલન્સ, એકાઉન્ટીંગની ટીમ કામગીરી કરશે.જિલ્લાના કુલ મતદાન મથકો પૈકી ૫૩૫ મતદાન મથકોમાં વેબકાસ્ટીંગ કરાશે તેમ ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું.આ વિધાનસભા ચૂટણીતંત્રે નવિન પહેલ કરતા દિવ્યાંગ અને વયોવૃધ્ધ મતદારો ઘરે બેઠા મતદાન કરી શકે તે માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરાઈ છે જેમાં ફોમ નં ૧૨ ઘ ભરીને આ સુવિધાનો લાભ લઈ શકશે.જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ.નરેન્દ્રકુમાર મિનાએ ચૂંટણી નિષ્પક્ષ, ન્યાયી, શાંતિપૂર્ણ અને સંપૂર્ણ પારદર્શી બની રહે તે માટે સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

પત્રકાર પરિષદમાં જિલ્લા વિકાસ અધિકારી કમલ શાહ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા અધિક નિવાસી કલેકટર એન.ડી.પરમાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રાજેશ કૂચારા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સાગર મોવલિયા , સહાયક માહિતી નિયામક નિધિ જયસ્વાલ સહિત ચૂંટણી સંબંધિત અધિકારી-કર્મચારીઓ તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી જિલ્લામાં મતદાન અને ઉમેદવારી પત્ર ભરવાની વિગત

**ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પાડવાની તારીખ**
– ૧૦ નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર)
**ઉમેદવારીપત્રકો ભરવાની છેલ્લી તારીખ**
– ૧૭ નવેમ્બર- ૨૦૨૨ (ગુરૂવાર)
**ઉમેદવારીપત્રકોની ચકાસણીની તારીખ**
– ૧૮ નવેમ્બર- ૨૦૨૨ (શુક્રવાર)
**ઉમેદવારીપત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ**
– ૨૧ નવેમ્બર- ૨૦૨૨ (સોમવાર)
**મતદાન તારીખ** – ૦૫ ડિસેમ્બર- ૨૦૨૨સ સોમવારના
**મતગણતરી તારીખ** – ૦૮ ડિસેમ્બર- ૨૦૨૨ (ગુરૂવાર)

## દર પૂનમે યોજાતો મેળો નહી ભરાય

# પ્રાંતિજના સાંપડ ખાતે મહાકાલી માતાજી મંદિર આજે ચંદ્રગ્રહણને લઈને બંધ રહેશે

**મંગળવારે સવારના ૭ થી સાંજ ના ૭ વાગ્યા સુધી બંધ રહેશે : ચંદ્રગ્રહણને લઈને મંદિર બંધ રહેશે**



પ્રાંતિજ તા.૭ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ મહાકાલી માતાજી મંદિર આજે ચંદ્ર ગ્રહણ હોવાથી બંધ રહેશે. પ્રાંતિજ ના સાંપડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ મહાકાલી માતાજી મંદિર આજે ચંદ્ર ગ્રહણ હોવાથી તા.૮।૧૧।૨૦૨૨ ને મંગળવાર ના રોજ સવાર ના ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી બંધ રહેશે તો દર પૂનમે યોજાતો મેળો પણ નહી ભરાય તેવુ મંદિર ના ટ્રસ્ટી અને શ્રી મહાકાલી મંદિર ટ્રસ્ટ સાંપડ ના ઉપપ્રમુખ રણજીતસિંહ રાઠોડે જણાવ્યુ હતુ તો ૯।૧૧।૨૦૨૨ ના રોજ સવારે ૬ વાગ્યાથી રાત્રી ના ૧૦ વાગ્યા સુધી મંદિર ખુલ્લુ રહેશે જેની ભાવિ ભક્તો ને નોધ લેવા જણાવ્યુ હતુ.

# ભિલોડા તાલુકાના વાંસળી ગામથી સુપ્રસિદ્ધ યાત્રાધામ ફાગવેલ તરફ પગપાળા પદયાત્રીઓના રથનું પ્રસ્થાન

ભિલોડા,તા.૦૭ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામમાંથી વર્ષોની પરંપરા મુજબ કારતક માસ દરમિયાન સુપ્રસિદ્ધ યાત્રાધામ ફાગવેલ શ્રી ભાથીજી મહારાજના દર્શનાર્થે જઈ રહેલ પગપાળા પદયાત્રીઓના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. અરવલ્લી જીલ્લા પંચાયત, ભિલોડા બેઠકના સદસ્ય ઈન્દુબેન ભાવિનભાઈ તબિયાર,સહિત અમરીશભાઈ, મુખી, મહારાજ સહિત સેવાભાવી ભાવિક ભક્તોએ ફાગવેલ તરફ જઈ રહેલ પગપાળા પદયાત્રીઓના રથનું શ્રધ્ધાભેર પ્રસ્થાન કરાવ્યું હતું.ભકિતમય વાતાવરણ દરમિયાન ભક્તિમય માહોલમાં શ્રી ભાથીજી મહારાજનો જય જયકાર સર્વત્ર સંભાળાઈ રહ્યો છે.ભાવિક ભક્તોએ દર્શન કરીને પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી.

# ગણપત યુનિ.ની ટેકલોલોજી ફેકલ્ટી દ્વારા નેશનલ લેવલ ટેકનિકલ સિમ્પોઝિયમ-'કન્વર્ઝન્સ-૨૦૨૨' ઉજવાયો

**દેશભરની ૨૭ જેટલી યુનિવર્સિટી અને કોલેજમાંથી આવેલા ૧૬૦૦ જેટલાં એન્જિ. વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું!**

ગણપત વિદ્યાનગર, તા. ૭ યુવા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વગ્રાહી વિકાસ થાય અને એમની ટેકનિકલ - સ્કીલનો પણ શ્રેષ્ઠ વિકાસ થાય તેવા ઉદાત્ત હેતુ સાથે ગણપત યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીની યુ.વી. પટેલ કૉલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા તાજેતરમાં એક નેશનલ ટેકનિકલ સિમ્પોઝિયમ-'કન્વર્ઝન્સ-૨૦૨૨' નું

આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભરની ૨૭ જેટલી યુનિવર્સિટી અને કૉલેજોમાંથી આવેલા અને ગણપત યુનિવર્સિટીના પોતાના એમ કુલ મળીને ૧૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ 'કન્વર્ઝન્સ'ની ૬૦ કરતાંયે વધારે ટેકનિકલ સ્પર્ધાઓમાં ભાગ લઈ રુપિયા ત્રણ લાખથી વધુ રકમના ઈનામો મેળવ્યાં હતાં. આ વિવિધ ટેકનિકલ - એન્જનિયરિંગ વિષયોની સ્પર્ધાઓમાં જે સ્પર્ધાઓ યોજાઈ એમાં મુખ્યત્વે આ મુજબના વિષયોનો સમાવેશ થાય છે :

(૧) મેક-મેકાટી. (મિકેનિકલ - મેકાટ્રોનિક્સ) (૨) ઈન્ફોટેક્સ (આઈ.ટી.) (૩) પેટ્રોક્સ (પેટ્રોલિયમ એન્જિ.), (૪) મેરિ-ટેક (મરિન એન્જિ.) (૫) મેથ-મેજિક (મેથમેટિક્સ), (૬) સિવેસ્ટા (સિવિલ એન્જિ.), (૭) બાયો-ટેકનિકા (બાયો મેડિકલ એન્જિ), ૮) ઈલેકટા-બઝ (ઈલે.એન્જિ.) અને સેન્ટ્રલ ઈવેન્ટ (એપ્લિકેશન ઓફ એ.આઈ. અને આઈ.ઓ.ટી. ઈન. એન્જિ.) આ બે દિવસીય નેશનલ લેવલ ટેકનિકલ સિમ્પોઝિયમ 'કન્વર્ઝન્સ-૨૦૨૨'

# ઉદય સેવા સંસ્થાન,ભિલોડાના સહયોગથી જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૦૭ ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.વિજયનગર તાલુકાના નલિયાવાડા મુકામે બલાત લાલજીભાઈ મનજીભાઈના જન્મ દિવસ નિમિત્તે મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.૧૯૦ દર્દીઓની આંખોના રોગોની તપાસ કરવામાં આવી હતી.૨૨ દર્દીઓને મોતિયો હોય સંસ્થા દ્વારા ઓપરેશન માટે આંખની હોસ્પિટલ,બારેજા ખાતે લઈ જવામાં આવશે તેમ જણાવ્યું હતું. કેમ્પમાં બારેજાથી શૈલેન્દ્ર સહિત નિષ્ણાંતો હાજર રહ્યા હતા.નેત્ર નિદાન કેમ્પમાં પૂર્વ ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ - ( ખેડબ્રહ્મા / વિજયનગર / પોશિના ) , ભિલોડા ઉદય સેવા સંસ્થાન,સેવાભાવી સંસ્થાના રોહિતભાઈ પટેલ, સુરેશભાઈ

પ્રજાપતિ,મનોજભાઈ વાળંદ,શંકરભાઈ નિનામા સહિત કાર્યકરોએ કેમ્પ સફળ બનાવેલ હતો. લાલજીભાઈ બલાતએ તેઓના નવિન ઘરના વાસ્તુ પુજન પ્રસંગે,જન્મ દિવસને અનોખી રીતે ઉજવણી કરી હતી. જરૂરિયાતવાળા ગરીબ માણસોની ચિંતા વ્યક્ત કરીને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

### પાલનપુરના ગુરુનાનક ચોકમાં ખિસ્સા કાતરું ઝડપાયો

પાલનપુર તા. ૭ પાલનપુરના ગુરુનાનક ચોક વિસ્તારના એક રાહદારીનું પાકીટ મારી ભાગવા જતા એક ખિસ્સા કાતરુંને લોકોએ ઝડપી પાડી તેને બરાબરનો મેથીપાક ચાખડી પોલીસના હવાલે કરવાની તજવીજ હાથ ધરી હતી. પાલનપુરના હાર્દસમા ગુરુનાનક ચોક વિસ્તારમા શુક્રવારના સવારે રેલવે ઓવરબ્રીજ પાસે એક રાહદારી પસાર થઈ રહ્યા હતા દરમિયાન એક લંબર મુછીયો યુવક રાહદારીના ખિસ્સામાં રહેલ પૈસા ભરેલ પાકીટ ઝૂંટવીને નાસવા જતા રાહદારી એ બુમાબુમ કરવા આજુબાજુના લોકોએ ખિસ્સા કાતરુંનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો. જોકે તમાશા ના તેડા ના હોય તેમ બનાવના પગલે લોકોની ભીડ એકઠી થઈ હતી અને લોકોએ ખિસ્સા કાતરું ને બરાબર નો મેથીપાક ચખાડી તેને પોલીસને સુપ્રત્ર કરવાની તજવીજ હાથ ધરી હતી.

### પાલનપુરની ઢુંઢીયાવાડી વિસ્તારમાં વિદેશી દારૂ સાથે યુવક ઝડપાયો

પાલનપુર તા. ૭ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ ની ટીમે ઢુંઢીયાવાડી તાજપુરા વિસ્તારમાં આવેલ એક સ્કૂલ પાસે વિદેશી દારૂ નું વેચાણ કરતા એક યુવકને ઝડપી પાડ્યો હતો અને તેની પાસે થી છ બોટલ દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ ની ટીમ ઢુંઢીયાવાડી વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતી દરમ્યાન મન મંદિર સ્કૂલ પાસે થેલો લઈ ને ઉભેલા એકશંકાસ્પદ યુવકની તલાશી લેતા તેનો પાસે રહેલા થેલા માંથી રૂ.૧૭૪૦ની કિંમય નો છ બોટલ વિદેશી દારૂ મળી આવતા અજય અશોકભાઈ ઠાકોર રહે.મન મંદિર સ્કૂલ પાસે ટેકરા વાળાની અટકાયત કરી તેની સામે ધોરણ સર ની કાર્યવાહી કરવામાં આવી હતી.

# પાલનપુર સીટી લાઈટ શોપિંગના અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ માંથી વધુ એક બાઈકની ચોરી

**રેડી મેઈડ કાપડની દુકાનમાં નોકરી કરતા યુવકના બાઈકની ઉઠાંતરી : દિવાળીના તહેવારોમાં પણ આજ પાર્કિંગ માંથી એક બાઈક ચોરાયું હતું**

પાલનપુર તા.૭ પાલનપુરમાં આવેલ સીટી લાઈટ શોપિંગ સેન્ટરના અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગમાં પાર્કે કરેલ વધુ એક બાઈક ની ઉઠાંતરી થવા પામી છે જોકે આ જ શોપિંગની એક દુકાનમાં નોકરી કરતો યુવક રોજ આ પાર્કિંગમાં પોતાનું બાઈક પાર્ક કરતો હતો જોકે દિવાળી ના સમયે પણ આજ જગ્યાએ થી એક બાઈક ની ચોરી થઈ હતી.

પાલનપુરમાં મધ્યમાં આવેલ સીટી લાઈટ શોપિંગ સેન્ટર બાઈક ચોરી માટે એપી સેન્ટર બન્યું હોય તેમ આ શોપિંગમાં બાઈક ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે જેમા આજ શોપિંગ માં આવેલ એક રેડી મેઈડ કાપડ ની દુકાનમાં નોકરી કરતો અને શહેર ના અમીરબાગ વિસ્તારના રહેતો ૨૫ વર્ષીય યુવક ગત.તા.૨૪ ઓક્ટોબર આ રોજ પોતાનુ પચાસ હજારની કિંમત બાઈક સીટી લાઈટ શોપિંગના અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ માં પાર્કે કરી નોકરી ગયો હતો.

અને સાંજે બાઈક લેવા આવતા અહીં બાઈક ન હોય તેને બાઈક ની ભારે શોધખોળ કરી હતી તેમ છતાં બાઈક ન મળતા આખરે બાઈક ની ચોરી અંગે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે .

જોકે તાજેતર માંજ આ શોપિંગના પાર્કિંગ માંથી પટોસણ ના એક યુવક ના બાઈક ની ઉઠાંતરી થઈ હતી.